## (1) વાઈટ લેબલ ATM વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) બેંક દ્વારા માલિકી ધરાવતાં અને સંચાલિત થતાં ATMને વાઈટ લેબલ ATM કહે છે.
(2) આ ક્ષેત્રમાં 100% FDLને મંજૂરી મળેલી છે.
(3) વાઈટ લેબલ ATM સ્થાપવા માટે RBI પાસેથી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એકટ 2007 હેઠળ મંજૂરી લેવી પડે છે.
(4) વાઈટ લેબલ ATMમાં કેસ ડિપોઝિટની સુવિધા હોતી નથી.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી ફ**

⇛ નોન–બેંક સંસ્થાઓ દ્વારા માલિકી ધરાવતા અને સંચાલિત થતાં ATMને વાઈટ લેબલ ATM કહે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આવી સંસ્થાઓ કે જેને વાઈટ લેબલ ATM ચલાવવા હોય તે કંપની એકટ 1956 હેઠળ રજિસ્ટર થયેલી હોવી જોઈએ.

⇛ વર્ષ 2015થી આ ક્ષેત્રમાં ઓટોમેટિક રૂટ હેઠળ 100% FDIને મંજૂરી આપવામાં આવી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ વાઈટ લેબલ ATM સ્થાપવા માટે 'પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એકટ 2007' હેઠળ RBI પાસેથી મંજૂરી લેવી જરૂરી છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ઉપરાંત આવી સંસ્થાઓની નેટ વર્થ (Net Worth) ઓછામાં ઓછી 100 કરોડ રૂપિયા હોવી જરૂરી છે.

⇛ વાઈટ બેલબ ATM સામાન્ય ATM જેવાં જ હોય છે પરંતુ તેમાં કેસ ડિપોઝિટની સુવિધા હોતી નથી. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) OLED ડિસ્પ્લે વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) અહીં OLEDનું પૂરું નામ ઓર્ગેનિક લાઈટ એમિટીંગ ડાયોડ છે.

(2) આ પ્રકારની ડિસ્પ્લેમાં બે ઈલેક્ટ્રોડની વચ્ચે એક ઓર્ગેનિક સ્તર આવેલું હોય છે.

(3) ઓછા પ્રકાશની પરિસ્થિતિમાં OLED ડિસ્પ્લે LCD કરતાં વધુ સારો કોન્ટ્રાસ્ટ આપી શકે છે.

(4) OLEDમાં ઊર્જા વપરાશ સામાન્ય રીતે વધુ હોય છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ **OLED** એટલે કે ઓર્ગેનિક લાઈટ એમિટીંગ ડાયોડ તેમાં ઈલેક્ટ્રોનનું ઉત્સર્જન કરતી ફિલ્મ ઓર્ગેનિક પદાર્થની બનેલી હોય છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ આ ઓર્ગેનિક સ્તર બે ઈલેક્ટ્રોડની વચ્ચે આવેલું હોય છે. આ બે ઈલેક્ટ્રોડ પૈકી એક પારદર્શક એનોડ હોય છે જ્યારે અન્ય ધાતુકીય કેથોડ હોય છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ ઓછાં પ્રકાશની સ્થિતિમાં **OLED** દ્વારા **LCD**ની સરખામણીએ ખૂબ સારો ડિસ્પ્લે કોન્ટ્રાસ્ટ જોવા મળે છે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

⇛ **OLED** ડિસ્પ્લેનો ઉપયોગ ટી.વી., સ્માર્ટફોન, કમ્પ્યુટર, સ્માર્ટવોચ વગેરેમાં થઈ શકે છે.

⇛ **OLED**ને બેકલાઈટની જરૂર પડતી ન હોવાથી તેના દ્વારા ઊર્જાનો વપરાશ પણ ઓછો થાય છે. (આથી, વિધાન **(4)** ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (3) અસ્ગાબાત એગ્રીમેન્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે એક પ્રકારનો પરિવહન માટેનો કરાર છે.

(2) ભારત વર્ષ 2010માં આ કરારમાં સામેલ થયું હતું.

(3) પાકિસ્તાન પણ આ કરારમાં સમાવિષ્ટ છે.

(4) આ કરારનો હેતુ યુરેશિયન વિસ્તારમાં કનેક્ટિવિટી વધારવાનો છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇒ જવાબ :- C

**સમજૂતી :**

⇒ અસ્ગાબાત એગ્રીમેન્ટ એક મલ્ટીમોડલ પરિવહન કરાર છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ આ કરાર કેન્દ્રિય એશિયા અને ઈરાનની ખાડી વચ્ચે પરિવહન કોરિડોર બનાવવા ઈચ્છે છે ઉપરાંત તેનો અન્ય હેતુ યુરેશિયન વિસ્તારમાં કનેક્ટિવિટી વધારવાનો પણ છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇒ આ કોરિડોર અન્ય પરિવહન કોરિડોર જેવાં કે આંતરરાષ્ટ્રીય ઉત્તર–દક્ષિણ પરિવહન કોરિડોર (INSTC) સાથે પણ સહકાર સાધશે.

⇒ મૂળ રીતે આ કરાર પર 2011માં 5 દેશ દ્વારા સહી કરવામાં આવી હતી. (1) ઈરાન (2) ઓમાન (3) કતાર (4) તુર્કમેનીસ્તાન (5) ઉઝબેકિસ્તાન.

⇒ ત્યારબાદ કતારના સ્થાને કઝાખસ્તાન સામેલ થયું અને 2016માં પાકિસ્તાન પણ જોડાયું હતું. (આથી, વિધાન (3) સાચું છે.)

⇒ ભારત ફેબ્રુઆરી, 2018માં આ કરારમાં જોડાયું હતું. (આથી, વિધાન (2) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(4) ઉષ્ણકટિબંધીય ચક્રવાત વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ ચક્રવાતો જમીન પરથી પસાર થતાં મજબૂત બને છે.

(2) આ ચક્રવાતના કેન્દ્રમાં અત્યંત નીચું દબાણ હોય છે.

(3) આ ચક્રવાતો કદી સ્થિર થતાં નથી અને હંમેશા ગતિમાં રહે છે.

(4) આ પ્રકારના ચક્રવાતોમાં વાતાગ્ર હોતા નથી.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ ઉષ્ણકટિબંધીય ચક્રવાતોનો સરેરાશ વ્યાસ 80થી 300 કિલોમીટર જેટલો હોય છે.

⇛ આ ચક્રવાતો સમુદ્ર પર ખૂબ જ મજબૂત હોય છે તથા ખૂબ વધુ ઝડપે ગતિ કરે છે. પરંતુ જમીન પરથી પસાર થતાં તે નાબળાં પડે છે અને ખંડોના આંતરિક ભાગો પાસે પહોંચતા –પહોંચતા તે નાશ પામે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ ચક્રવાતના કેન્દ્રમાં અત્યંત નીચું દબાણ હોય છે. સમદાબ રેખાઓ લગભગ વર્તુળાકાર હોય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ ચક્રવાતમાં સમશીતોષ્ણ કટિબંધના ચક્રવાતોની જેમ તાપમાનના વિવિધ વિસ્તારો જોવા મળતાં નથી કારણ કે ઉષ્ણકટિબંધિય ચક્રવાતમાં વાતાગ્ર હોતાં નથી. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ ઉષ્ણકટિબંધીય ચક્રવાચો હંમેશા ગતિમય હોતાં નથી કોઈ વખતે તે કોઈ સ્થળ પાસે સ્થિર રહે છે અને ત્યાં અતિશય વરસાદ આપે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) દિબાંગ નદી વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનો ઉદ્દભવ ચીનમાંથી થાય છે.

(2) તે બ્રહ્મપુત્રાની ઉપનદી છે.

(3) આ નદી ભારતમાં માત્ર અરુણાચલ પ્રદેશમાંથી જ પસાર થાય છે.

(4) આ નદીની લંબાઈ આશરે 350 કિલોમીટર છે.

(A) માત્ર (2)
(B) માત્ર (1) અને (2)
(C) માત્ર (1), (3) અને (4)
(D) માત્ર (2), (3) અને (4)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ દિબાંગ નદીને સિકાંગ તરીકે પણ ઓળખવામાં આવે છે.

⇛ તે બ્રહ્મપુત્રાની ઉપનદી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તેનો ઉદ્દભવ ભારત અને ચીનની સરહદ પાસે આવેલા દિબાંગ વેલી જિલ્લામાંથી થાય છે જે અરુણાચલ પ્રદેશમાં આવેલો છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ નદી અરુણાચલ પ્રદેશ તથા મિસમી પહાડીમાંથી પસાર થઈને સદીયા ગામ પાસે લોહીત નદીને મળે છે. સદીયા આસામમાં આવેલું છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ નદીની લંબાઈ 195 કિલોમીટર જેટલી છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

*like | comment | share*

ICE RAJKOT

twitter

ICE RAJKOT